# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-11-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ટેકાના ભાવે ખરીદી

**ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદીનો આજથી રાજ્યવ્યાપી શુભારંભ થયો છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ગાંધીનગરના દહેગામમાં ટેકાના ભાવે ખરીદીનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવી ખેડૂતો સાથે સંવાદ કર્યો. બજાર કરતા વધુ ભાવે જણસીની ખરીદી કરવા બદલ ખેડૂતોએ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો. ઉલ્લેખનીય છે, ખેડૂતો પાસેથી 15 હજાર કરોડથી વધુની કિંમતની મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખરીદી કરવામાં આવી રહી છે.**

**-------------------------------------------------------------------------------------**

## રાહત પેકેજ પ્રતિભાવ

**કમોસમી વરસાદના કારણે પાક નુકસાનીથી અસરગ્રસ્ત ખેડૂતોની પડખે ઉભી રહેલી રાજ્ય સરકાર જે ત્વરીત અને ઝડપી નિર્ણય લીધો છે તે બદલ કચ્છના સૌ ખેડૂતો રાજ્ય સરકારના આભારી છે. રૂ. ૧૦ હજાર કરોડના રાહત પેકેજ સાથે રૂ.૧૫ હજાર કરોડના ખર્ચે ટેકાના ભાવે પાક ખરીદીનો નિર્ણય આવકારદાયક છે તેવું જિલ્લા સહકારી સંઘના સેક્રેટરીશ્રી રમેશભાઇ આહિરે જણાવ્યું હતું.**

**(બાઇટ : રમેશ આહિર)**

**-------------------------------------------------------------------------------------**

## મતદાર યાદી સઘન સુધારણા

ભારતના ચૂંટણીપંચના આદેશ અનુસાર કચ્છ જિલ્લાના છ વિધાનસભા વિસ્તાર અબડાસા, માંડવી, ભુજ, અંજાર, ગાંધીધામ અને રાપરમાં લાયકાતની તારીખોના સંદર્ભમાં ખાસ સઘન સુધારણા જાહેર કરવામાં આવી છે, જે કાર્યક્રમમાં જિલ્લાના **1848** મતદાન મથકોના બી.એલ.ઓ. દ્વારા **4** નવેમ્બરથી **4** ડિસેમ્બર સુધી `હાઉસ ટુ હાઉસ' મુલાકાત કરીને કુલ **16** લાખ **90** હજાર **584** મતદાર પાસે ગણતરી ફોર્મ-એન્યુમેરેશન ફોર્મ આપવાની કામગીરી શરૂ કરાઈ છે. હાઉસ ટુ હાઉસ મુલાકાત દરમિયાન મતદારોએ કોઈ પણ પ્રકારના દસ્તાવેજો આપવાની જરૂર નથી. મતદારયાદીમાં પોતાનું નામ તથા **2002**ની મતદારયાદી ચકાસી શકાશે. મતદાર રજિસ્ટ્રેશન સંબંધિત કોઈ પણ માહિતી અને માર્ગદર્શન માટે **1950** હેલ્પલાઈન પર સંપર્ક કરવાનો અથવા મતદારો બી.એલ.ઓ.નો સંપર્ક કરી શકશે.

આ સાથે જ કચ્છના નાગરિકોને મતદારયાદી સુધારણા કાર્યક્રમમાં ફોર્મ ભરવા અને સહયોગ આપવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કચ્છ કલેક્ટર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે, તેવું નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું

---------------------------------------------------------------------------------

## અંજાર પાલિકામાં વંદે માતમરની ઉજવણી

અંજાર નગરપાલિકા દ્વારા રાષ્ટ્રગીત વંદે માતરમની **150**મી ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રગીતના સન્માનમાં વિવિધ કાર્યક્રમોની જવણી કરવામાં આવી હતી. નગરપાલિકાના પ્રમુખ વૈભવભાઇ કોડરાણીના અધ્યક્ષસ્થાને સમૂહમાં રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતુ ત્યારબાદ સ્વદેશી શપથ સૌએ લીધા હતા. આ પ્રસંગે રાષ્ટ્રને મજબૂત બનાવવા માટે સૌ લોકોએ સ્વદેશી અપનાવે તેવુ આહ્વાન કરાયું હતું.

---------------------------------------------------------------------------------

## ગાંધીધામ તાલુકામાં આરોગ્ય ટીમ દ્વારા સર્વે

ગાંધીધામ સંકુલમાં ડેન્ગ્યુ, વાયરલ તાવ, શરદી, ઉધરસ અને પાણીજન્ય રોગોમાં ઉછાળો જોવા મળતા આરોગ્ય વિભાગ દ્વારા તાલુકામાં અર્બન વિસ્તારમાં ડોર ટુ ડોર સર્વેનું

આયોજન કરાયું હતું. અતિવૃષ્ટિ બાદની પરિસ્થિતિઓ બાદ મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો અટકાવવા માટે 92 ટીમો તાલુકાના શહેરી વિસ્તારોના ઘરો ની મુલાકાત લઇ રોગપ્રતિબંધક પગલા લેવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------

## જખૌ મરીન દ્વારા સેમિનાર

અબડાસા તાલુકાના સુથરી ખાતે જખૌ મરીન ટાસ્ક ફોર્સ દ્વારા દરિયાકાંઠાની સુરક્ષા અને દરિયાઈ સીમાઓને લગતા ગામોની સુરક્ષાને મજબૂત બનાવવા એક દિવસીય સેમિનાર તેમજ શસ્ત્ર પ્રદર્શનનું આયોજન કરાયું હતું.

કાર્યક્રમ દરમિયાન બેઠકમાં હાજર માછીમારો, બોટ ચાલકોને સુરક્ષા સંબંધિત સમજ આપવામાં આવી હતી. દરિયાકાંઠાના વિસ્તારમાં કોઇપણ શંકાસ્પદ વ્યક્તિ અથવા કેફી પદાર્થોની હેરાફેરી ધ્યાને આવે તો તરત પોલીસને જાણ કરવા જણાવ્યું હતું.સેમિનારમાં ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ, સ્થાનિક લોકો, શિક્ષકો તેમજ બહોળી સંખ્યામાં વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------

## હવામાન

જિલ્લામાં શિયાળાની ધીમી શરૂઆત થઈ ગઈ છે. ખાસ કરીને સાંજ પછી લોકો ગુલાબી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. હવામાન વિભાગના સત્તાવાર આંકડા મુજબ, નલિયાનું લઘુતમ તાપમાન 14.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે જિલ્લા મથક ભુજમાં 18 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

નલિયા વડોદરા બાદ રાજ્યનું બીજા ક્રમનું સૌથી ઠંડું મથક બન્યું છે. ગત વર્ષની સરખામણીમાં આ વખતે ઠંડીની તીવ્રતા ઓછી જણાઈ રહી હોવાનું લોકો કહી રહ્યા છે. દિવસ દરમિયાન સૂર્યનો તાપ હજુ પણ આકરો રહે છે, પરંતુ રાત્રે ઠંડીનો અનુભવ થઇ રહ્યો છે.

---------------------------------------------------------------------------------------